## 1. વિરોધપક્ષ કોને કહેવાય ?

- સામાન્ય ચૂંટણીમાં જે પક્ષને ધારાસભાના નીચલાગૃહમાં બહુમતી બેઠકો મળે છે તે સરકારની રચના કરે અને તેનાથી ઓછી બેઠકો. મળતા પક્ષનો વિરોધપક્ષ કહેવાય છે. લોકસભામાં 10 % સભ્યો ધરાવતા ગૃહને માન્ય વિરોધપક્ષ કહેવાય છે.

## 2. દાબજૂથો એટલે શું?

- કોઈ રાજકીય પક્ષ સાથે નહિ સંકળાયેલી વ્યક્તિઓનું બનેલું સંગઠન છે. જેની રચના કેટલાક સિદ્ધાંતો સિદ્ધ કરવા માટે અથવા પોતાનાં હિતોના રક્ષણ અને વૃદ્ધિ કરવા માટે થાય છે. વિવિધ દાબજૂથો વિવિધ ખરડા ઠરાવ પસાર કરવા કે ન કરવા પર પ્રભાવ ઉભો કરે છે.

## 3. દ્વિપક્ષ પદ્ધતિ એટલે શું?

- દ્વિપક્ષ પદ્ધતિ એટલે બે મુખ્ય અને સબળ રાજકીય પક્ષોનો સ્વીકાર. વિશ્વના અનેક રાષ્ટ્રોમાં દ્વિપક્ષ પ્રથા સફળ પુરવાર થઈ રહી છે. બ્રિટન, અમેરિકા જેવા દેશોમાં સફળ થઈ રહ્યા છે.

## 4. રાજકીય પક્ષોના લક્ષણો જણાવો.

- રાજકીય પક્ષોના લક્ષણો નીચે મુજબ છે : રાજકીય પક્ષ સમાન વિચારધારા ધરાવતા નાગરિકોનું વ્યવસ્થિત સંગઠન છે. રાજકીય પક્ષમાં રાજકીય વિચારોની સમાનતા હોય છે. લોકશાહીમાં રાજકીયપક્ષનું મુખ્ય હેતુ બંધારણની માર્ગે રાજકીય સત્તા પ્રાપ્ત કરવાનું છે. રાજકીય પક્ષોનો હેતુ પોતાની માન્યતા અનુસાર પ્રજાકીય હિત સાધવાનું હોય છે.

## 5. દશ્યશ્રાવ્ય માધ્યમોની ભૂમિકા જણાવો.

- લોકમત ઘડતર માટે આ સાધનો ઘણા પ્રભાવશાળી હોય છે. નિરીક્ષરોનું પ્રમાણ વધારે હોય ત્યાં જોઈ શકતા અને વાંચી શક્તા હોય તેવા સાદેશ્ય શ્રાવ્ય માધ્યમો લોકમત ઊભા કરવાનું ખૂબ જ અગત્યનું કામ કરે છે. આ માધ્યમો દ્વારા જે વાંચન અને ચિંતનની જે પ્રક્રિયા થાય છે તે માહિતી સંચારની પ્રક્રિયાને ઝડપી અને અસરકારકતા વધારે છે, જેને લઈને ચૂંટણીમાં અસરકારકતા મતદારોને આકર્ષત કરી શકાય, 'ચાય પે ચર્ચા', કે 'હું છું. વિકાસ, હું છું ગુજરાત'ની દેશ્યશ્રાવ્ય માધ્યમોની જાહેતોએ અનેક મતદાતાઓને પોતાની તરફ કર્યા છે.

## 6. દાબજૂથોની કાર્યપદ્ધતિના સાધનો જણાવો.

- જયારે માનવ સમુદાયને સંગઠીત કરીને સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયો ઉપર પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેને દાબજૂથો કહે છે.

  (1) રાજકીયપક્ષોને મદદ અને સમર્થન દા.ત, Intok કોંગ્રેસ પક્ષની મદદ કરે છે.

  (2) ચૂંટણી સમયે ચોક્કસ રાજકીય પક્ષ માટે પ્રચારપ્રસાર કરી શકે તેવા કાર્યક્રમો અને કાર્યકરો તૈયાર કરે છે. દાખલા તરીકે બજરંગ દળ કે જે ભારતીય જનતા પાર્ટીને અપ્રત્યક્ષ રીતે મદદ કરે છે.

(3) નીતિ ઘડવૈયાઓ અને નીતિનો અમલ કરનાર અમલદારનો સંપર્ક દાત, કર્મચારીમંડળ અધ્યાપક સંઘ સક્રિય ભૂમિકા બજાવે છે.

### 7. શું લોકમતમાં ખરેખર લોકમત હોય છે ?

- પ્રો.સોલ્ટો, ''ખૂબ જ ધ્યાનપૂર્વક વિચારીને અભિપ્રાય અથવા નીતિ તરીકે જોઈએ તો સામાન્ય રીતે લઘુમતીનો અભિપ્રાય હોય છે. લોકશાહીમાં વ્યક્ત થતો લોકમત લોકોનો પણ નહીં અને મત પણ નથી હોતો. સામાન્ય મતદાર ક્રિયા નહીં પણ પ્રતિક્રિયા કરે છે. રાજકીય નિર્ણયો લેવાતા નથી આવો નિર્ણય તો માત્ર એમની સમક્ષ રજુ કરવામાં આવે છે. મતગણતરી પ્રક્રિયા પ્રજથી શરૂ થતી નથી તે તો પ્રજા પાસેથી પસાર થાય છે. મતની બાબતમાં એમ કરી શકાય કે એ વિચારણા હેઠળના પ્રશ્નો પરત્વે વ્યાપક અને ચોક્કસ જ્ઞાન પર અથવા પુખ વિચારણાને અંતે લેવાયેલા નિર્ણય પર બંધાયેલો હોવો જોઈએ. તર્કબુદ્ધીનો ઓછો ઉપયોગ થતો હોવાથી લોકમતને તૈયાર લોકમત કહેવામાં આવે છે. દા.ત. 2017 ગુજરાતની ચૂંટણી.

### 8. બ્રિટન પક્ષપદ્ધતિનું જન્મ સ્થાન કેમ ગણાય છે ?

- જો બ્રિટનના રાજકારણમાંથી પક્ષપદ્ધતિને દૂર કરવામાં આવે તો કેટલા પ્રમાણમાં બ્રિટિશ રાજ શાસન ચાલી શકે તે કહેવું મુશ્કેલ છે. આધુનિક લોકશાહીમાં સત્તાધારણ, અમલ, ઉપયોગ અને વિરોધની કાર્યવાહીનું રાજકીય પક્ષો થતી થતું હોવાથી રાજકીય પક્ષો વિનાની આધુનિક લોકશાહીની કલ્પના કરવી મુશ્કેલ છે.
- વિશ્વમાં જયાં દેશોમાં લોકશાહીનું ચલણ છે. ભૂતકાળમાં ત્યાં બ્રિટિશ સંસ્થાનવાદ દ્વારા લોકશાહીના આગવા મૂલ્યોનો પ્રચાર પ્રસાર થયો હતો. તેથી બ્રિટન એ લોકશાહીનો જન્મદાતા છે. તેમ કહેવામાં આવે છે.